અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

મેસર્સ રાજુરેશ્વર એસોસિયેટ્સ

વિ.

મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય

૫ જુલાઈ, ૨૦૦૪

[આર.સી. લાહોટી, મુખ્ય ન્યાયમૂર્તિ અને અશોક ભાન, ન્યાયમૂર્તિ]

મહારાષ્ટ્ર લેન્ડ રેવેન્યુ કોડ, ૧૯૬૬/મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ રૂલ્સ ઓફ બિઝનેસ; રૂલ્સ ૮, ૯, ૧૧ અને ૧૨ :

અમુક શરતોને આધીન સહકારી કપાસ મિલને સરકારી જમીન મંજૂર કરવામાં આવી–શરતોના ઉલ્લંઘનના કારણોસર રાજ્ય સરકાર દ્વારા જમીનનો નોંધપાત્ર હિસ્સો પાછો ખેંચી લેવામાં આવ્યો–મિલ લિક્વિડેશનમાં ગઈ–મિલની મિલકત સહિતની સમગ્ર જમીન વેચવા માટે ટેન્ડરો મંગાવવામાં આવ્યા–

અપીલકર્તા/ઓફર કરનાર દ્વારા રજૂ કરાયેલ ટેન્ડરનો સ્વીકાર–લિક્વિડેટર દ્વારા ઓફર કરનારના પક્ષમાં વેચાણ કરારનું સંપાદન–અપીલકર્તા દ્વારા ઓફર કરાયેલી કિંમત જમીનની બજાર કિંમત કરતાં ઓછી હોવાના કારણે કરાર રદ કરવાનો સરકારનો નિર્ણય–તેને પડકાર–તેના પરના વ્યાજ સહિત જમા કરાયેલી રકમ પરત કરવાનો લિક્વિડેટરને નિર્દેશ આપીને હાઇકોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવ્યો–અપીલ પર, ઠેરવ્યું: રાજ્ય સરકારે મિલ પાસેથી જમીન પાછી મેળવી લીધી–કાયદાની જોગવાઇઓને ધ્યાને લેતાં, રાજ્ય સરકારની પરવાનગી વિના મિલ જમીનનો નિકાલ કરી શકતી નહોતી–વેચાણ માટે જમીન ઓફર કરતાં પહેલાં અપસેટ કિંમત નક્કી કરવી જરૂરી છે–સરકારી મિલકત/જમીનની તબદીલી કરતાં પહેલાં નિયમોની શરતો અનુસાર મંત્રી પરિષદની મંજૂરી મેળવવી જરૂરી છે–નિયમો હેઠળની જરૂરિયાતોને કોઇપણ વ્યક્તિગત પદાધિકારી દ્વારા અવગણી/બાયપાસ કરી શકાય નહીં–બાબત કેબિનેટ સમક્ષ ન મૂકવાનો અને ટેન્ડર આખરી કરવાનો મંત્રીનો નિર્ણય, અને પરિણામી મંજૂરી કાયદામાં દૂષિત છે–ટેન્ડરમાં ઓફર કરાયેલી કિંમત ઘણી ઓછી હોવાથી રાજ્ય સરકાર કરાર રદ કરવા સક્ષમ છે–સંબંધિત સમયગાળા માટે વાર્ષિક ૧૧% ના સાદા વ્યાજ સાથે અપીલકર્તા દ્વારા જમા કરાયેલી રકમ રાજ્ય સરકાર તેને પરત કરશે–નિર્દેશો જારી કરવામાં આવ્યા–ભારતનું સંવિધાન, ૧૯૫૦–અનુચ્છેદ ૧૬૬–મહારાષ્ટ્ર લેન્ડ રેવેન્યુ (ડિસ્પોઝલ ઓફ ગવર્નમેન્ટ લેન્ડ) રૂલ્સ, ૧૯૭૧.

શબ્દો અને શબ્દપ્રયોગો :

મહારાષ્ટ્ર લેન્ડ રેવેન્યુ (ડિસ્પોઝલ ઓફ ગવર્નમેન્ટ લેન્ડ) રૂલ્સ, ૧૯૭૧ ના સંદર્ભમાં 'ભોગવટા કિંમત' (ઓક્યુપન્સી પ્રાઈસ) અને 'અપસેટ કિંમત' નો અર્થ.

રાજ્ય સરકારના મહેસૂલ અને વન વિભાગે કેટલીક શરતો પર ૪૮ એકર ૨૪ ગુંઠા જમીન એક સહકારી કપાસ મિલને મંજૂર કરી હતી. પાછળથી, જમીનનો નોંધપાત્ર હિસ્સો સરકાર દ્વારા પાછો ખેંચી લેવામાં આવ્યો હતો કારણ કે મિલે ગ્રાન્ટની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. મિલ લિક્વિડેશનમાં ગઈ અને લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવી. લિક્વિડેટરે સરકારના કબજાવાળી જમીનના હિસ્સા સહિતની સમગ્ર જમીનનો નિકાલ કરવા માટે ટેન્ડરો મંગાવ્યા. કેટલીક શરતો પરિપૂર્ણ કરવાને આધીન, સૌથી વધુ બોલી લગાવનાર અપીલકર્તાના પક્ષમાં જમીનનું વેચાણ આખરી કરવા માટે સરકારે મંજૂરી આપી. લિક્વિડેટરે વેચાણ કરાર સંપાદિત કરાવવા માટે બોલીની ૨૫% રકમ જમા કરાવવા અપીલકર્તાને જાણ કરી. જરૂરી અવેજની રકમ તેના દ્વારા જમા કરવામાં આવી હોવા છતાં તેના પક્ષમાં વેચાણ કરાર સંપાદિત કરવામાં આવ્યો ન હતો, કારણ કે અપીલકર્તા દ્વારા ઓફર કરાયેલી જમીનની કિંમત જમીનની બજાર કિંમત કરતાં ઓછી હોવાના આધાર પર સરકારે કરાર રદ કર્યો હતો. અપીલકર્તાએ તેને પડકાર્યો. પડકારને ફગાવી દેતાં, હાઇકોર્ટે અપીલકર્તા દ્વારા

જમા કરાયેલી રકમ તેના પર વાર્ષિક ૧૧% ના વ્યાજ સહિત પરત કરવાનો રાજ્યને નિર્દેશ આપ્યો. તેથી આ પ્રસ્તુત અપીલ.

અપીલકર્તાએ રજૂઆત કરી હતી કે સંબંધિત સત્તામંડળ દ્વારા તેમના પક્ષમાં પ્રશ્નવાળી જમીનના વેચાણ માટેનો કરાર સંપાદિત કરવામાં આવ્યો હોવાથી, રાજ્ય સરકાર અપીલકર્તાને મિલકત વેચવાના પોતાના વચનથી પાછળ હટવા માટે એસ્ટોપલથી બંધાયેલી છે; કેબિનેટે મિલના વેચાણ/લિક્વિડેશનની દરખાસ્ત તેમની સમક્ષ ન મૂકવાનો નિર્ણય લીધો હોવાથી, જમીનના વેચાણ પહેલાં કેબિનેટની મંજૂરી મેળવવી આવશ્યકપણે જરૂરી નહોતી; સામાવાળાની એવી દલીલ સ્વીકારવામાં હાઇકોર્ટ વાજબી નહોતી કે અપીલકર્તા દ્વારા ઓફર કરવામાં આવેલી કિંમત ઓછી/અપૂરતી હતી.

સામાવાળા–રાજ્યએ રજૂઆત કરી હતી કે અપીલકર્તાના પક્ષમાં જમીન/મિલકત વેચવા માટે સંબંધિત મંત્રી દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો ન હતો; પ્રશ્નવાળી જમીનના વેચાણ માટે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું; અને ઓફર કરાયેલી જમીનની કિંમત ખૂબ જ અપૂરતી હતી.

અપીલ ફગાવી દેતાં, કોર્ટે

ઠેરવેલ કે : ૧.૧. રાજ્ય સરકારના મહેસૂલ અને વન વિભાગની માલિકીની જમીન કેટલીક શરતોને આધીન ભોગવટા કિંમત ચૂકવવા પર એક મિલને સોંપવામાં આવી હતી, જેમાં એ શરતનો પણ સમાવેશ થતો હતો કે જો ગ્રાન્ટની કોઈપણ શરતોનું ઉલ્લંઘન થાય તો જમીન પાછી ખેંચી શકાશે. ત્યારપછી, કલેક્ટર દ્વારા જમીન પાછી ખેંચી લેવાના હુકમો પસાર કરવામાં આવ્યા હતા. જમીન પાછી ખેંચી લેવાના હુકમની કાયદેસરતા એ કોર્ટ સમક્ષ અલગથી દાખલ કરાયેલી અરજીમાં પડકારનો વિષય છે. તેથી, ભારતનું સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરાયેલી પીટીશનમાં તે જ મુદ્દાનો ન્યાયનિર્ણય કરી શકાતો નથી, જેમ કે હાઇકોર્ટે યોગ્ય રીતે ઠેરવ્યું છે. [૯૩૨–એચ; ૯૩૩–એ, ડી]

૧.૨. 'ભોગવટા કિંમત' (ઓક્યુપન્સી પ્રાઈસ) શબ્દ મહારાષ્ટ્ર લેન્ડ રેવેન્યુ (ડિસ્પોઝલ ઓફ ગવર્નમેન્ટ લેન્ડ્સ) રૂલ્સના રુલ ૨(કે–૧) માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, અને તેનો અર્થ જમીન પર ભોગવટો કરવાનો અને તેનો ઉપયોગ કરવાનો હક્ક આપવાના અવેજ તરીકે ચૂકવવાપાત્ર કિંમત થાય છે. [૯૩૩–એ–બી]

૧.૩. ગ્રાન્ટની શરતો સ્પષ્ટ હતી અને મહારાષ્ટ્ર લેન્ડ રેવેન્યુ કોડની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં, એવું માની શકાય નહીં કે પ્રશ્નવાળી જમીન મિલની વિશિષ્ટ માલિકીની મિલકત હતી અને મિલની માલિકી ધરાવતી મંડળીને રાજ્ય સરકારની પરવાનગી વિના તેનો નિકાલ કરવાનો હક્ક હતો. કલેક્ટરે પોતાની વૈધાનિક સત્તાઓનો ઉપયોગ કરીને જમીન પાછી ખેંચી લીધી હતી. જમીન પાછી ખેંચાઈ ગઈ હોવાથી, જમીનો હુકમ રદ કરાવ્યા વિના જમીનનો નિકાલ કરવાની મિલ પાસે કોઈ સત્તા નહોતી. [૯૩૩–ઈ–એફ–જી]

૨.૧. એ સ્પષ્ટ છે કે અપીલકર્તાના પક્ષમાં સમગ્ર જમીન/મિલકત વેચવાનો નિર્ણય ટેક્સટાઈલ મંત્રી દ્વારા લેવામાં આવ્યો તે સમયે મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ રૂલ્સ ઓફ બિઝનેસના સંબંધિત નિયમોની જરૂરિયાતનું પાલન કરવામાં આવ્યું ન હતું. રૂલ્સ ઓફ બિઝનેસના રુલ ૧૧ મુજબ મિલકતનું હસ્તાંતરણ રૂ. ૫ લાખથી વધુનું હોવાથી આ બાબત મંત્રી પરિષદ સમક્ષ મૂકવી જરૂરી હતી, કારણ કે રાજ્ય સરકારના નાણા વિભાગે ટેક્સટાઈલ વિભાગ સાથે સંમતિ દર્શાવી નહોતી. રૂલ્સ ઓફ બિઝનેસ અનુસાર સરકારે જમીનના વેચાણ માટે કોઈ મંજૂરી/બહાલી આપી નહોતી. અપીલકર્તાને જમીન વેચવા અંગેનો સંદેશાવ્યવહાર એ સરકારનો નિર્ણય ન હતો, જેમ કે રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે, અને પછીના સંદેશાવ્યવહારો રેકર્ડની ચકાસણી કર્યા વિના જારી કરવામાં આવ્યા

હતા અને રેકર્ડથી વિરુદ્ધ હતા, આમ, તે યોગ્ય મંજૂરી દર્શાવતા ન હતા. [૯૩૭–ડી–ઈ–એફ–જી]

૨.૨. રાજ્ય સરકારના ટેક્સટાઈલ વિભાગ દ્વારા તેમની નોંધમાં યોગ્ય રીતે જણાવવામાં આવ્યું હતું કે આ બાબત કેબિનેટ સમક્ષ મૂકવામાં આવે. મહેસૂલ અને નાણા વિભાગોએ ૫ એકર જમીનના વેચાણ માટે પોતાની સંમતિ આપી દીધી હોવાથી, આ બાબત કેબિનેટ સમક્ષ મૂકવાની હતી. તે તબક્કે, ટેક્સટાઈલ વિભાગે સમગ્ર જમીન વેચવાનો આગ્રહ રાખ્યો અને આ બાબત પર નવેસરથી વિચારણા કરવામાં આવી. મહેસૂલ વિભાગ દ્વારા કરાયેલી સુધારેલી દરખાસ્તમાં, ચાર શરતોની પરિપૂર્ણતાને આધીન સમગ્ર જમીનના વેચાણ માટે મંજૂરી આપવામાં આવી હતી. વિચાર એવો હતો કે જમીનની અપસેટ કિંમત પહેલા નક્કી થવી જોઈએ અને તે હરાજીથી વેચવી કે ટેન્ડર દ્વારા અને વેચાણની ઉપજ સરકાર અને મિલ વચ્ચે કેવી રીતે વહેંચવી જોઈએ. પરંતુ મૂળભૂત શરત એ હતી કે અપસેટ કિંમત નક્કી કરવામાં આવે અને ત્યારપછી જમીન વેચવામાં આવે, તે બાબત અત્યંત સ્પષ્ટ કરવામાં આવી હતી. નાણા વિભાગ આ શરતો સાથે સંમત થયો હતો. એવું કહેવું અયોગ્ય રહેશે કે ટેક્સટાઈલ વિભાગની દરખાસ્ત મહેસૂલ અને નાણા વિભાગો દ્વારા સ્વીકારવામાં આવી હતી. [૯૩૭–જી–એચ; ૯૩૮–એ–બી–સી–ડી]

૨.૩. ટેક્સટાઈલ વિભાગે પાછળથી દરખાસ્ત કરી કે અગાઉ મંગાવવામાં આવેલા ટેન્ડરોને આખરી ઓપ આપવામાં આવે અને જમીનની પુનઃહરાજી કરવાની કોઈ જરૂર નથી. મહેસૂલ વિભાગે પોતાની અસંમતિ દર્શાવી અને પોતાની અગાઉની દરખાસ્તનો પુનરોચ્ચાર કર્યો કે અપસેટ કિંમત નક્કી કર્યા પછી જમીનનો નિકાલ કરવામાં આવે. નાણા વિભાગ મહેસૂલ વિભાગના મત સાથે સંમત થયો હતો. વધુમાં, તેણે સૂચન કર્યું કે કેબિનેટ સમક્ષ બાબત મૂકવાને બદલે વિભાગીય સ્તરે નિર્ણય લઈ શકાય છે કારણ કે મુખ્યમંત્રીએ સૂચના આપી હતી કે આવા કેસો કેબિનેટ સમક્ષ રજૂ કરવાની જરૂર નથી. જો કે, રેકર્ડ પરથી જણાયું હતું કે કેબિનેટ દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. મુખ્યમંત્રીએ જણાવ્યા મુજબ અનૌપચારિક રીતે આવો નિર્દેશ આપ્યો હતો તેમ માની લઈએ તો પણ, રૂલ્સ ઓફ બિઝનેસ હેઠળની જરૂરિયાતને કોઈપણ વ્યક્તિગત પદાધિકારી દ્વારા અવગણી શકાય નહીં. મુખ્ય સચિવે કાયદા અનુસાર કાર્યવાહી કરવાનો સાચો અભિગમ નક્કી કર્યો હોવા છતાં, ટેક્સટાઈલ મંત્રીએ ટેક્સટાઈલ વિભાગ દ્વારા સૂચવેલા અયોગ્ય અભિગમને અપનાવ્યો હતો. ટેક્સટાઈલ મંત્રી દ્વારા લેવાયેલો નિર્ણય અને પરિણામી મંજૂરી કાયદાની દ્રષ્ટિએ દૂષિત છે. આ રીતે અપાયેલી મંજૂરીને કાયદા મુજબ નિયમો અને નિર્ધારિત પ્રક્રિયા અનુસાર સરકાર દ્વારા અપાયેલી પરવાનગી કહી શકાય નહીં. અન્ય કોઈપણ જરૂરિયાત ઉપરાંત, એક તરફ ટેક્સટાઈલ વિભાગ અને બીજી તરફ

મહેસૂલ અને નાણા વિભાગ વચ્ચે અસંમતિ હોવાથી, રૂલ્સ ઓફ બિઝનેસના રુલ ૧૧ ના સબ–રુલ (૨) મુજબ આ બાબત કેબિનેટ સમક્ષ મૂકવી જોઈતી હતી/મૂકવી જોઈતી જ હતી. [૯૩૮–ડી–ઈ–એફ, જી–એચ; ૯૩૯–ડી–ઈ–એફ]

૩.૧. કેસની હકીકતો અને સંજોગોમાં, અન્ય ઓફર આપનાર તરફથી ઓફર મળતાં પુનઃટેન્ડર કરવાનો નિર્દેશ આપવામાં મુખ્યમંત્રી યોગ્ય અને વાજબી હતા. આવો નિર્દેશ મહેસૂલ અને નાણા વિભાગો દ્વારા વ્યક્ત કરાયેલા વિચારોને અનુરૂપ હતો. આ બાબત પર વધુ વિચારણા કરવામાં આવી હતી અને કરાર રદ કરવાનો અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો. કારણ કે સરકાર માનતી હતી કે ઓફર કરાયેલી કિંમત પ્રશ્નવાળી મિલકતનું ઓછું મૂલ્યાંકન હતું જે કોર્પોરેશન વિસ્તારમાં આવેલી મુખ્ય (પ્રાઈમ) જમીન છે. ડિવિઝનલ કમિશનરે પોતાના સંદેશાવ્યવહારો દ્વારા રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું હતું કે મિલકતની બજાર કિંમત વધુ હતી. [૯૩૯–જી–એચ; ૯૪૦–એ]

૩.૨. જ્યારે અપીલકર્તાની ઓફર મળી ત્યારે જમીનનું કોઈ મૂલ્યાંકન કરાવવામાં આવ્યું ન હતું. લિક્વિડેટર સમગ્ર જમીન માટે ટેન્ડર મંગાવી શક્યા ન હોત. મહેસૂલ વિભાગ તેમજ નાણા વિભાગ સમગ્ર જમીનના વેચાણ માટે સંમત

થયા ન હતા. ટેક્સટાઈલ વિભાગ દ્વારા સમગ્ર જમીન વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને આ બાબત કેબિનેટ સમક્ષ રજૂ કરવી જરૂરી હતી, અને યોગ્ય મંજૂરીના અભાવે, સરકાર પાસે તેને રદ કરવાની સત્તા હતી, ખાસ કરીને જ્યારે તેનો એવો અભિપ્રાય હતો કે અપીલકર્તા દ્વારા ઓફર કરવામાં આવેલી જમીનની કિંમત મિલકતનું ઓછું મૂલ્યાંકન હતું. હાઇકોર્ટ એ નિષ્કર્ષ પર પહોંચવામાં યોગ્ય હતી કે રાજ્ય સરકારે કોઈપણ સમયે પ્રશ્નવાળી જમીનના વેચાણ અથવા નિકાલ માટે મંજૂરી આપી ન હતી. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સ્થાપવા માટે સરકારને જમીનની જરૂર હતી તે કારણને જો વિચારણામાંથી બાકાત રાખવામાં આવે તો પણ, પ્રશ્નવાળી જમીનના વેચાણ માટે સરકારની કોઈ યોગ્ય મંજૂરી/બહાલી નહોતી તેવા તારણની સામે વેચાણ કરાર રદ કરવાના સરકારના આખરી નિર્ણયને અમાન્ય ઠેરવી શકાય નહીં. [૯૪૦–બી–સી–ડી]

૪. અપીલકર્તાને પડેલી કોઈપણ મુશ્કેલી અથવા થયેલા પૂર્વગ્રહ માટે અપીલકર્તાને પર્યાપ્ત વળતર આપવાની હાઇકોર્ટે કાળજી લીધી છે અને વાર્ષિક ૧૧% ના સાદા વ્યાજ સાથે રકમ પરત કરવાનો હુકમ કર્યો છે. તેનું પાલન કરીને સમગ્ર રકમ અપીલકર્તાને પરત કરવામાં આવી હતી. જો કે, આ કોર્ટે તેના અગાઉના હુકમ દ્વારા અપીલકર્તાને સદર રકમ સામાવાળાઓને પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો અને સામાવાળાઓને વ્યાજ ઉપાર્જિત કરતા ખાતામાં રકમ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. રકમની પુનઃચુકવણી અને તેના પરના વ્યાજ

અંગેના કોઈપણ વિવાદને દૂર કરવા માટે, એવો નિર્દેશ આપવામાં આવે છે કે સરકાર તે રકમ તેમની પાસે રહી તે સમયગાળા માટે વાર્ષિક ૧૧% ના દરે સાદા વ્યાજ સાથે અપીલકર્તાને પરત કરવા માટે જવાબદાર રહેશે. [૯૪૦–એચ; ૯૪૧–એ–બી–સી]

દીવાની અપીલ અધિકારક્ષેત્ર : સિવિલ અપીલ નં. ૮૫૩૯/૨૦૦૨

બોમ્બે હાઇકોર્ટની ઔરંગાબાદ બેન્ચના ડબલ્યુ.પી. નં. ૫૨૧૯/૨૦૦૧ માં તારીખ ૨૪.૪.૨૦૦૨ ના ચુકાદા અને હુકમ સામે.

અપીલકર્તા વતી આર.એફ. નરીમન, સંજય વી. ખર્ડે, અજિત બી. કાલે અને સુશ્રી ચંદન રામામૂર્તિ.

સામાવાળાઓ વતી ઉદય ઉમેશ લલિત, સુશ્રી અર્પિતા સિંહ, પ્રસેનજીત કેસવાની, એસ.એસ. શિંદે, મુકેશ કે. ગિરી અને ટી. મહિપાલ.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ ભાન દ્વારા આપવામાં આવેલ.

ભાન, ન્યાયમૂર્તિ : આ અપીલ હાઇકોર્ટ ઓફ જ્યુડિકેચર એટ બોમ્બે, ઔરંગાબાદ સ્થિત બેન્ચ દ્વારા રીટ પીટીશન નં. ૫૨૧૯/૨૦૦૧ માં પસાર કરાયેલા તારીખ ૨૪.૨.૨૦૦૨ ના આખરી ચુકાદા અને હુકમ સામે નિર્દેશિત છે. વાદગ્રસ્ત હુકમ દ્વારા હાઇકોર્ટે અપીલકર્તા દ્વારા દાખલ કરાયેલી રીટ પીટીશન ફગાવી દીધી છે.

અપીલકર્તા એ ખેતીની જમીનની ખરીદી અને વેચાણનો વ્યવસાય કરવા, સરકાર અને ખાનગી પક્ષકારો પાસેથી કોન્ટ્રાક્ટ મેળવીને જમીનોનો વિકાસ કરવા અને મકાનો બાંધવાના હેતુ માટે ભારતીય ભાગીદારી અધિનિયમ હેઠળ નોંધાયેલ એક પેઢી (એસોસિયેટ) છે. તે રિયલ એસ્ટેટમાં કમિશન એજન્ટ તરીકે પણ વ્યવસાય કરે છે.

સર્વે નં. ૫૫ ની ૪૮ એકર ૨૪ ગુંઠા જમીન રાજ્ય સરકારના મહેસૂલ અને વન વિભાગ દ્વારા ઔરંગાબાદ જિલ્લા સહકારી સૂત ગિરણી લિ. (ટૂંકમાં "મિલ") ને અન્ય શરતો ઉપરાંત એ શરતે મંજૂર કરવામાં આવી હતી કે મિલ સરકારની પૂર્વ

પરવાનગી વિના સદર જમીનનું હસ્તાંતરણ કરશે નહીં અને કોઈપણ શરતના ભંગના કિસ્સામાં જમીન અને તેના પરના મકાનો પાછા ખેંચી લેવાને પાત્ર રહેશે. ગ્રાન્ટની સંબંધિત શરતો અને નિયમો પૈકીની કેટલીક નીચે મુજબ હતી :

"(v) સૂત ગિરણી સરકારની પૂર્વ પરવાનગી વિના વેચાણ, પટ્ટો (લીઝ), ગીરો વગેરે દ્વારા જમીનમાંના પોતાના હક્કો કોઈપણ વ્યક્તિને તબદીલ કરશે નહીં. વધુમાં, સરકારની સંમતિ વિના સૂત ગિરણી દ્વારા ભારતમાં વસવાટ કરતા વિદેશી અથવા ભારતમાં સ્થપાયેલી કે વેપાર કરતી વિદેશી પેઢી સિવાય અન્ય કોઈ વિદેશીને જમીન તબદીલ કરવામાં આવશે નહીં, અને કોઈપણ કારણો દર્શાવ્યા વિના ઇનકાર કરવાનો સરકારનો સંપૂર્ણ વિવેક રહેશે.

(vi) જમીન અને તેના પર બાંધવામાં આવનાર સૂત ગિરણીના મકાનોનો ઉપયોગ જે હેતુ માટે ગ્રાન્ટ આપવામાં આવી છે તે જ હેતુ માટે કરવામાં આવશે અને અન્ય કોઈ હેતુ માટે કરવામાં આવશે નહીં.

(vii) બાંધવામાં આવનાર સૂત ગિરણીના મકાનો અમલમાં રહેલા રિબન ડેવલપમેન્ટ રૂલ્સની જોગવાઈઓનું પાલન કરશે.

(viii) કોઈપણ શરતોના ભંગ બદલ વળતરની ચૂકવણી કર્યા વિના જમીન અને તેના પરનું મકાન સરકાર દ્વારા પાછું ખેંચી લેવાને પાત્ર રહેશે."

સમય જતાં, ૪૮ એકર અને ૨૪ ગુંઠા પૈકીની ૫ એકર જમીન પર મકાનો બાંધવામાં આવ્યા અને મિલે પોતાનો ધંધો ચલાવવાનું શરૂ કર્યું. ઉપરોક્ત ૪૮ એકર અને ૨૪ ગુંઠા જમીન પૈકી રસ્તો પહોળો કરવા માટે ૩ એકર અને ૧૨ ગુંઠા જમીન પાછી ખેંચીને મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ કલેક્ટર દ્વારા બે એકર જમીન પાછી ખેંચીને સરકારી ખાતામાં રાખવામાં આવી હતી અને તેનું વેચાણ કરીને બિનખેતી જમીન મહેસૂલ વસૂલ કરવામાં આવ્યું હતું, જેથી મિલ પાસે ૪૩ એકર અને ૧૨ ગુંઠા જમીન રહી હતી.

મિલે તેના પક્ષમાં કરાયેલી ગ્રાન્ટની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાથી, તારીખ ૧૮.૧૨.૧૯૯૭ ના રોજ, સરકાર દ્વારા ૩૮ એકર અને ૧૨ ગુંઠા

જમીન જપ્ત કરવામાં આવી હતી અને તેનો કબજો લેવામાં આવ્યો હતો, જ્યારે ૫ એકર જમીન કે જેના પર મકાનો બાંધવામાં આવ્યા હતા તે બાકી રાખવામાં આવી હતી. તારીખ ૨૨.૭.૧૯૯૮ ના રોજ, રાજ્ય સરકારના સહકાર અને ટેક્સટાઈલ વિભાગે તેના પરના મકાનો સાથેની ૫ એકર જમીન વેચવાની દરખાસ્ત કરી હતી.

કુલ જવાબદારી આશરે રૂ. ૧૪ કરોડ જેટલી એકત્ર થઈ ગઈ હતી અને સદર જવાબદારીઓની પતાવટ કરવા માટે સ્પિનિંગ મિલ પાસે કોઈ ભંડોળ ઉપલબ્ધ નહોતું, મહારાષ્ટ્ર કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ સ્પિનિંગ મિલ પર લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવી હતી. સ્પિનિંગ મિલે લિક્વિડેટર મારફતે ડાયરેક્ટર ઓફ હેન્ડલૂમ, પાવરલૂમ એન્ડ કો–ઓપરેટિવ ટેક્સટાઈલ (જે હવે પછી 'સામાવાળા નં. ૨' તરીકે ઉલ્લેખિત છે) મારફતે સરકારને સ્પિનિંગ મિલને તેના મકાન, પ્લાન્ટ, મશીનરી અને જમીનનો નિકાલ કરવાની મંજૂરી આપવા માટે એક દરખાસ્ત રજૂ કરી હતી. સામાવાળા નં. ૨ પાસેથી પરવાનગી મેળવ્યા પછી, લિક્વિડેટરે તારીખ ૮.૧૦.૧૯૯૮ ના પ્રકાશન/જાહેરાત દ્વારા જમીન સહિત સર્વે નં. ૫૫ માં આવેલી સ્પિનિંગ મિલની મિલકત વેચવા માટે બોલી લગાવનારાઓ પાસેથી ટેન્ડરો મંગાવ્યા હતા. જે ૫ એકર જમીન પર મકાનો બાંધવામાં આવ્યા હતા તેના માટે ઓફરો મંગાવવાને બદલે, લિક્વિડેટરે

તેને મિલની મિલકત ગણીને સમગ્ર ૪૩ એકર ૧૧ ગુંઠા જમીનના વેચાણ માટે ઓફરો મંગાવી હતી.

મેસર્સ રાજુરેશ્વર એસોસિયેટ્સ – અહીં અપીલકર્તાઓએ, લિક્વિડેટર દ્વારા જારી કરાયેલા જાહેરનામાના જવાબમાં, અર્નેસ્ટ મની (બાનાની રકમ) તરીકે રૂ. ૨૫ લાખના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે રૂ. ૭૮૧.૩૩ લાખની કિંમત દર્શાવતું ટેન્ડર રજૂ કર્યું હતું. અન્ય પાંચ જણાએ પણ પોતાના ટેન્ડરો રજૂ કર્યા હતા. લિક્વિડેટરે તે ઓફરો ટેક્સટાઈલ મંત્રાલયને મોકલી આપી હતી. અપીલકર્તા દ્વારા રજૂ કરાયેલું ટેન્ડર સામાવાળા નં. ૨ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું અને આગળની કાર્યવાહી માટે તારીખ ૨૯.૧.૧૯૯૯ ના રોજ સરકારને મોકલવામાં આવ્યું હતું. સહકાર અને ટેક્સટાઈલ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ સ્પિનિંગ મિલના લિક્વિડેશન માટે લેવાયેલા પગલાં પર વિચારણા કરવા માટે તારીખ ૨૬.૪.૨૦૦૨ ના રોજ એક બેઠક બોલાવી હતી. સદર બેઠકમાં, પ્રિન્સિપાલ સેક્રેટરીએ સૂચના આપી હતી કે અપીલકર્તાઓ દ્વારા રજૂ કરાયેલા ટેન્ડરો સ્વીકારવામાં આવે અને પોતાની ભલામણો સાથે સ્વીકૃતિ માટે સરકારને મોકલવામાં આવે. રાજ્ય સરકારે તારીખ ૨૩.૧૦.૨૦૦૦ ના સંદેશાવ્યવહાર દ્વારા સામાવાળા નં. ૨ ને જાણ કરી હતી કે સરકારે સ્પિનિંગ મિલના વેચાણની કાર્યવાહીને આખરી ઓપ આપવા માટે મંજૂરી આપી છે. જો કે, એવો નિર્દેશ કરવામાં આવ્યો હતો કે વેચાણની કાર્યવાહી આખરી કરતાં પહેલાં, નીચેના પાસાઓને ધ્યાનમાં લેવામાં આવે :

"મિલના વેચાણ માટે ટેન્ડર સ્વીકારવાની તારીખે જમીનની કિંમત આંકવામાં આવે. મિલ દ્વારા પટ્ટા (લીઝ) પેટે જે રકમ જમા કરાવવામાં આવી છે તે બાદ કરવામાં આવે અને સદર બાદ કર્યા પછી બાકીની ૫૦ ટકા રકમ ટેક્સટાઈલ મિલે લેવી જોઈએ અને બાકીની ૫૦ ટકા રકમ સરકાર (કલેક્ટર, ઔરંગાબાદ) પાસે જમા કરાવવી જોઈએ અને મકાન સાથેની જમીનનો કબજો કલેક્ટર પાસેથી મેળવવો જોઈએ."

વધુમાં, એવી પણ જાણ કરવામાં આવી હતી કે અપીલકર્તા દ્વારા રજૂ કરાયેલું ટેન્ડર આખરી કરવું જોઈએ અને જમીન સહિતની સદર મિલ તેમને વેચવી જોઈએ.

ઉપરોક્ત સંદેશાવ્યવહારને ધ્યાને રાખીને, સામાવાળા નં. ૨ એ તારીખ ૨.૧૧.૨૦૦૦ નો વધુ એક પત્ર જારી કરીને લિક્વિડેટરને નિર્દેશ આપ્યો હતો કે સરકાર દ્વારા અપાયેલી મંજૂરીને ધ્યાનમાં રાખીને, લિક્વિડેટરે અપીલકર્તાના પક્ષમાં વેચાણ કરાર સંપાદિત કરવો જોઈએ. લિક્વિડેટરે તારીખ ૪.૧૧.૨૦૦૦ ના પોતાના પત્ર દ્વારા અપીલકર્તાને જાણ કરી હતી કે સ્પિનિંગ મિલની મિલકતના અંતિમ વેચાણના હેતુ માટે સરકાર પાસેથી મંજૂરી મળી ગઈ છે અને

તદનુસાર અપીલકર્તાએ બોલીની રકમના ૨૫% જમા કરાવવા જોઈએ અને વેચાણ કરાર સંપાદિત કરાવી લેવો જોઈએ. સદર પત્રના જવાબમાં, અપીલકર્તાએ લિક્વિડેટરને રૂ. ૧,૯૫,૩૩,૨૫૦/– ચૂકવ્યા હતા અને લિક્વિડેટરે બદલામાં સ્પિનિંગ મિલની મિલકત અંગે અપીલકર્તાના પક્ષમાં તારીખ ૨૦.૧૧.૨૦૦૦ નો વેચાણ કરાર સંપાદિત કર્યો હતો. અપીલકર્તાએ લિક્વિડેટર પાસે વધુ રૂ. ૨૯૩ લાખની રકમ જમા કરાવી હતી અને તેમના પક્ષમાં વેચાણ દસ્તાવેજ સંપાદિત કરવા માટે તેમને વિનંતી કરી હતી. લિક્વિડેટરે તારીખ ૨૩.૧.૨૦૦૧ ના પોતાના પત્ર દ્વારા રૂ. ૪,૮૮,૩૩,૨૫૦/– ની પહોંચ સ્વીકારી હતી. જો કે, તેમણે અપીલકર્તાને જાણ કરી હતી કે મહેસૂલ વિભાગ દ્વારા હજુ કેટલીક કાનૂની કાર્યવાહી પૂર્ણ કરવાની બાકી છે અને જ્યાં સુધી કલેક્ટર, ઔરંગાબાદ પાસેથી કબજો ન મળે ત્યાં સુધી સ્પિનિંગ મિલનો કબજો અપીલકર્તાને સોંપવા અંગે કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં.

સ્પિનિંગ મિલની મિલકત વેચવા માટે સહકાર વિભાગ અને મહેસૂલ તથા વન વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણયને ધ્યાનમાં રાખીને, ડેસ્ક ઓફિસર (મહેસૂલ અને વન વિભાગ) એ તારીખ ૨૪.૧.૨૦૦૧ ના સંદેશાવ્યવહાર દ્વારા કલેક્ટર, ઔરંગાબાદ (અહીં સામાવાળા નં. ૪) ને વિનંતી કરી હતી કે આસિસ્ટન્ટ ડાયરેક્ટર, ટાઉન પ્લાનિંગ પાસેથી સર્વે નં. ૫૫ ની જમીનની કિંમત તારીખ

૨૭.૧૧.૧૯૯૯ ની સ્થિતિએ નક્કી કરાવવામાં આવે અને લિક્વિડેટરને તેની જાણ કરવામાં આવે. કલેક્ટરે મહેસૂલ સત્તામંડળોને જાણ કરી હતી કે ૩૨ એકર અને ૧૨ ગુંઠા જમીન સરકારની માલિકીની હતી જેનો કબજો તેના દ્વારા લેવામાં આવ્યો હતો અને તેથી, લિક્વિડેટર સહિત કોઈપણ દ્વારા તેનું વેચાણ થઈ શકશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ સર્વે નં. ૫૫ નું મૂલ્યાંકન કરવાની વિનંતી સ્વીકારવામાં અસમર્થ છે. કલેક્ટરના સદર પત્રને ધ્યાનમાં રાખીને, લિક્વિડેટરે તારીખ ૧૨.૨.૨૦૦૧ ના પોતાના પત્ર દ્વારા અપીલકર્તાને જાણ કરી હતી કે જ્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા પરવાનગી આપવામાં ન આવે ત્યાં સુધી વેચાણ–દસ્તાવેજ સંપાદિત કરવા સંબંધે કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં અને અપીલકર્તાને વધુ કોઈ પત્રવ્યવહાર ન કરવા વિનંતી કરી હતી. અપીલકર્તાએ તારીખ ૨૩.૪.૨૦૦૧ ના રોજ લિક્વિડેટર પાસે બાકીની રૂ. ૧,૯૫,૩૩,૨૫૦/– ની રકમ જમા કરાવી હતી અને આ રીતે અવેજ પેટે ચૂકવવાપાત્ર કુલ રકમ અપીલકર્તા દ્વારા લિક્વિડેટરને ચૂકવી દેવામાં આવી હતી.

અપીલકર્તાએ ત્યારપછી સંબંધિત સત્તામંડળોને મૌખિક તેમજ લેખિતમાં અનેક રજૂઆતો કરીને વેચાણ–દસ્તાવેજ સંપાદિત કરવા અને મિલકતનો કબજો સોંપવા વિનંતી કરી હતી. આ રજૂઆતો તારીખ ૧૮.૫.૨૦૦૧, ૭.૧.૨૦૦૧ અને ૧૨.૬.૨૦૦૧ ની છે. આ રજૂઆતોમાં એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે અપીલકર્તાએ સદર રકમ પર ભારે વ્યાજ ચૂકવીને બેંકમાંથી ઉછીના

નાણાં લઈને લિક્વિડેટરને રકમ ચૂકવી હતી. એક કાનૂની નોટિસ પણ આપવામાં આવી હતી. કોઈ કાર્યવાહી ન થતાં, અપીલકર્તાએ સરકારી સત્તામંડળોની નિષ્ક્રિયતાને પડકારતી રીટ પીટીશન નં. ૫૨૧૯/૨૦૦૧ તારીખ ૧૨.૧૨.૨૦૦૧ ના રોજ દાખલ કરી હતી અને નીચે મુજબની નોંધપાત્ર દાદ માંગી હતી :

"(એ) મેન્ડામસની રીટ અથવા યોગ્ય જણાય તેવી અન્ય કોઈ રીટ, હુકમ અથવા નિર્દેશો જારી કરીને, તારીખ ૧૮.૧૧.૨૦૦૦ ના કરાર (આંક–જી) મુજબ વેચાણ દસ્તાવેજ સંપાદિત કરવા સામાવાળા નં. ૩ ને નિર્દેશ આપવો."

"(બી) મેન્ડામસની રીટ અથવા વચગાળાની દાદ તરીકે યોગ્ય જણાય તેવી અન્ય કોઈ રીટ, હુકમ અથવા નિર્દેશો જારી કરીને સરકારના તારીખ ૨૩.૧૦.૨૦૦૦ ના નિર્ણય અને તારીખ ૨૪.૧.૨૦૦૧ તથા ૧૨.૭.૨૦૦૧ ના પત્રોનો અમલ કરવા સામાવાળા નં. ૪ ને નિર્દેશ આપવો; ત્રાહિત પક્ષકારનો હિતસંબંધ ઊભો કરવા સામે મનાઈહુકમ ઉપરાંત, તારીખ ૧૮.૧૧.૨૦૦૦ ના કરાર મુજબ ગારખેડા ખાતેના સર્વે નં. ૫૫ નો કબજો સોંપવા અને સામાવાળા

નં. ૪ સામે તારીખ ૨૪.૧.૨૦૦૧ ના પત્રનો અમલ કરવા નિર્દેશો માંગવામાં આવ્યા છે."

રીટ પીટીશન દાખલ થયા પછી, લિક્વિડેટરે પોતાના જવાબમાં ખુલાસો કર્યો હતો કે રાજ્ય સરકારે તારીખ ૨૬/૨૮ ડિસેમ્બર ૨૦૦૧ ના પોતાના સંદેશાવ્યવહાર દ્વારા અપીલકર્તાના પક્ષમાં સંપાદિત કરાર રદ કરવાનો નિર્ણય લીધો હતો, કારણ કે વેચાણ હેઠળની જમીન ઔરંગાબાદ શહેરની મધ્યમાં આવેલી છે અને અપીલકર્તા દ્વારા ઓફર કરાયેલી કિંમત વાસ્તવિક કિંમત કરતાં ઓછી હતી. અપીલકર્તાએ ત્યારપછી પોતાની રીટ પીટીશનમાં સુધારો કર્યો અને ઉપરોક્ત હુકમને પડકાર્યો, અને પરિણામે, એક વધારાની અરજ (સી–૧) નો સમાવેશ કરવામાં આવ્યો જે નીચે મુજબ વંચાય છે :

"(સી–૧) તારીખ ૨૮.૧૨.૨૦૦૧ ના નિર્ણયને અને સામાવાળા નં. ૨ દ્વારા સામાવાળા નં. ૩ ને જારી કરાયેલ તારીખ ૪.૧.૨૦૦૨ ના સંદેશાવ્યવહારને તથા સામાવાળા નં. ૩ દ્વારા જારી કરાયેલ તારીખ ૮.૨.૨૦૦૨ ના સંદેશાવ્યવહારને રદબાતલ ઠરાવીને બાજુ પર મૂકવો અને તે હેતુ માટે જરૂરી રીટો અને હુકમો જારી કરવા."

રીટ પીટીશનના તમામ પક્ષકારોએ પોતાના જવાબો દાખલ કર્યા હતા જેમાં જવાબનો સૂર એવો હતો કે અપર્યાપ્ત કિંમતના કારણે અપીલકર્તાના પક્ષમાં સંપાદિત વેચાણ કરાર રદ કરવામાં આવ્યો છે અને મિલની જમીન કે મકાનના વેચાણ માટે સરકારની કોઈ મંજૂરી નહોતી. યોગ્ય મંજૂરીના અભાવે, અપીલકર્તાના પક્ષમાં વેચાણ અમલમાં લાવી શકાતું નહોતું.

હાઇકોર્ટે રીટ પીટીશનમાં કરાયેલી પ્રથમ અરજને નીચે મુજબ અવલોકન કરીને ફગાવી દીધી હતી :

> " ..... કરારની શરતોના પાલન માટે સામાન્ય રીતે પક્ષકારોને દીવાની ઉપાય ઉપલબ્ધ હોય છે અને આ અદાલત કરારની શરતોના અમલ માટે રીટ પીટીશન સ્વીકારવામાં ધીમી રહેશે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. અને અન્ય વિ. ડોલી દાસ, [૧૯૯૯] ૪ એસસીસી ૪૫૦ ના કેસમાં ઠેરવવામાં આવ્યું છે કે વૈધાનિક હક્કના અભાવમાં અનુચ્છેદ ૨૨૬ હેઠળનો ઉપાય કરારજન્ય જવાબદારીઓના અમલ માટે મેળવી શકાતો નથી, ભલે તે રાજ્ય સામે અમલમાં મૂકવાની માંગણી કરવામાં આવી હોય અને તેથી, તારીખ ૧૮.૧૧.૨૦૦૦ ના કરાર મુજબ વેચાણ દસ્તાવેજ

સંપાદિત કરવાનો સામાવાળા નં. ૩ ને નિર્દેશ આપવા માટે આ પીટીશનની સુનાવણી કરવાનું અમને સ્વીકાર્ય જણાતું નથી."

હાઇકોર્ટે ત્યારપછી બાકીની બે અરજો પર વિચારણા કરવા આગળ વધી. અદાલતે કલેક્ટર કચેરી, ઔરંગાબાદ તેમજ મહારાષ્ટ્ર સરકારના મહેસૂલ અને વન વિભાગ તથા સહકાર અને ટેક્સટાઈલ વિભાગ પાસેથી રેકર્ડ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. અદાલતે સંબંધિત અધિકારીઓ, જેમણે ટેન્ડરની મંજૂરી અને અપીલકર્તાના પક્ષમાં મિલકતના વેચાણ અંગે સરકારના નિર્ણયની જાણ કરી હતી, તેમને પોતાના સોગંદનામા દાખલ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. સદર બંને અધિકારીઓએ પોતાના સોગંદનામા દાખલ કર્યા જેમાં તેઓએ જણાવ્યું કે સરકારે સદર મિલકતના વેચાણ માટે નિર્ણય લીધો હતો. હાઇકોર્ટે મંગાવવામાં આવેલા રેકર્ડ, રીટ પીટીશન, સામાવાળાઓ દ્વારા દાખલ કરાયેલા જવાબો અને બંને અધિકારીઓ કે જેમણે ટેન્ડરની મંજૂરી અને મિલકતના વેચાણ અંગે સરકારના નિર્ણયની જાણ કરી હતી તેમના સોગંદનામાનું અવલોકન કર્યા પછી ઠેરવ્યું :

"અમારી સમક્ષ રજૂ કરાયેલા સમગ્ર રેકર્ડનું મૂલ્યાંકન કર્યા પછી અને સંબંધિત પક્ષકારો દ્વારા રજૂ કરાયેલી દલીલો પર વિચારણા કર્યા પછી, અમને સંતોષ થાય છે કે રાજ્ય સરકારે તારીખ ૨૩.૧૦.૨૦૦૦ ના

સંદેશાવ્યવહાર દ્વારા જે દાવો કરવામાં આવ્યો હતો તે મુજબ પ્રશ્નવાળી જમીનના વેચાણ અથવા નિકાલ માટે કોઈપણ સમયે મંજૂરી આપી નહોતી અને આવી મંજૂરી વિના અરજદારને જમીન વેચી શકાતી નહોતી. માંગ્યા મુજબના નિર્દેશો અથવા દાદ માટે પીટીશન સ્વીકારવા માટે કોઈ કેસ બનતો નથી અને તેથી અમે તેને સંક્ષિપ્તમાં ફગાવી દઈએ છીએ."

હાઇકોર્ટે એ હકીકતની પણ નોંધ લીધી કે પ્રશ્નવાળી જમીન ઔરંગાબાદ શહેરની મધ્યમાં આવેલી છે જેનું મૂલ્યાંકન રૂ. ૨૪–૨૫ કરોડથી વધુનું છે અને તેથી, અપીલકર્તા દ્વારા દર્શાવવામાં આવેલી અને સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી કિંમત ઘણી ઓછી હતી. હાઇકોર્ટે સામાવાળા નં. ૨ અને લિક્વિડેટરને અપીલકર્તા દ્વારા જમા કરાયેલી રકમ વાર્ષિક ૧૧% ના દરે સાદા વ્યાજ સાથે પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ કોર્ટે પણ મૂળ રેકર્ડ મંગાવ્યું હતું, જે રજૂ કરવામાં આવ્યું હતું. સુનાવણી દરમિયાન રેકર્ડના સંબંધિત અંશો તેના અનુવાદો સાથે અમને સોંપવામાં આવ્યા હતા.

અપીલકર્તાઓ વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી આર.એફ. નરીમને ભારપૂર્વક રજૂઆત કરી હતી કે સંબંધિત વિભાગો પાસેથી યોગ્ય પરવાનગી મળ્યા પછી અપીલકર્તાના પક્ષમાં તારીખ ૧૮.૧૧.૨૦૦૦ નો કરાર સંપાદિત કરવામાં આવ્યો હતો અને તેથી, રાજ્ય સરકાર અપીલકર્તાને મિલકત વેચવાના પોતાના વચનથી પાછળ હટવા માટે એસ્ટોપલથી બંધાયેલી હતી, ખાસ કરીને જ્યારે તેણે કુલ રૂ. ૭૮૧.૩૩ લાખની અવેજની રકમ પહેલેથી જ સ્વીકારી લીધી હતી. હાઇકોર્ટે એવું ઠેરવવામાં ભૂલ કરી હતી કે અપીલકર્તાના પક્ષમાં મિલકતના વેચાણ માટે અપાયેલી મંજૂરી સરકારની નહોતી કારણ કે તે કેબિનેટ સમક્ષ મૂકવામાં આવી નહોતી અને મંજૂર કરવામાં આવી નહોતી. તેમના જણાવ્યા મુજબ, આ બાબત કેબિનેટ સમક્ષ લઈ જવાની જરૂર નહોતી કારણ કે કેબિનેટે મિલોના વેચાણ/લિક્વિડેશનની દરખાસ્ત કેબિનેટ સમક્ષ રજૂ ન કરવાનો નિર્ણય લીધો હતો અને સંબંધિત મંત્રાલયે તેના પર નિર્ણય લેવાનો હતો. કેબિનેટનો આ નિર્ણય મુખ્યમંત્રી દ્વારા જણાવવામાં આવ્યો હતો જે ટેક્સટાઈલ સચિવ દ્વારા પોતાના એક સંદેશાવ્યવહારમાં નોંધવામાં આવ્યો હતો. સામાવાળાઓની એવી દલીલ સ્વીકારવામાં હાઇકોર્ટ વાજબી નહોતી કે અપીલકર્તા દ્વારા ઓફર કરવામાં આવેલી કિંમત અપૂરતી હતી અથવા તો ગરવારે સ્ટેડિયમ ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સ્થાપવાનો નિર્ણય સરકારે પહેલેથી જ લઈ લીધો હોવા છતાં આ મિલકત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે જરૂરી હતી.

તેનાથી વિરુદ્ધ, સામાવાળા વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી ઉમેશ લલિતે રજૂઆત કરી હતી કે આ બાબત કેબિનેટ સમક્ષ મૂકવી જરૂરી હતી અને અપીલકર્તાના પક્ષમાં મિલકત વેચવા માટે સરકાર દ્વારા કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો ન હતો. અનુસરવામાં આવેલી પ્રક્રિયા કાયદા અને રૂલ્સ ઓફ બિઝનેસ અનુસાર નહોતી અને અપીલકર્તા દ્વારા ઓફર કરવામાં આવેલી કિંમત અત્યંત અપૂરતી હતી.

આ અપીલમાં નક્કી કરવાનો પ્રશ્ન હકીકતો અને રેકર્ડ પર આધારિત છે. અમે પક્ષકારોના વિદ્વાન વકીલની મદદથી રેકર્ડનું અવલોકન કર્યું છે.

પક્ષકારો વચ્ચેના વિવાદનો નિર્ણય કરવા માટે રેકર્ડ અને સરકારી ફાઈલોનો વિગતવાર સંદર્ભ લેવો જરૂરી બનશે. રેકર્ડ પરથી અમને જણાય છે કે તારીખ ૧૮.૧૨.૧૯૯૭ ના રોજ, કલેક્ટર ઔરંગાબાદે ૪૩ એકર ૧૨ ગુંઠા પૈકીની ૩૮ એકર ૧૨ ગુંઠા જમીન જપ્ત કરી હતી કારણ કે મિલે તેના પક્ષમાં થયેલી ગ્રાન્ટની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું, જ્યારે મિલ પાસે ૫ એકર જમીન કે જેના પર મકાનો બાંધવામાં આવ્યા હતા તે બાકી રાખી હતી. તારીખ ૨૨.૭.૧૯૯૮ ના રોજ, રાજ્ય સરકારના સહકાર અને ટેક્સટાઈલ વિભાગે તેના પરના મકાનો સાથેની ૫ એકર જમીન વેચવાની દરખાસ્ત કરી હતી. ઓક્ટોબર

૧૯૯૮ માં, લિક્વિડેટરે ૫ એકર જમીન માટે બોલી મંગાવવાને બદલે, સમગ્ર ૪૩ એકર ૧૧ ગુંઠા જમીનના વેચાણ માટે ઓફરો મંગાવી હતી. તારીખ ૪.૨.૧૯૯૯ ના રોજ, મકાનો સાથેની બાકીની ૫ એકર જમીન પણ કલેક્ટર ઔરંગાબાદ દ્વારા પોતાના હસ્તક લઈ લેવામાં આવી હતી. અપીલકર્તાની ઓફર લિક્વિડેટર દ્વારા જાન્યુઆરી ૧૯૯૯ માં ટેક્સટાઈલ મંત્રાલયને મોકલવામાં આવી હતી.

૧૩/૧૪ ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજ, કલેક્ટર, ઔરંગાબાદ દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું કે પ્રશ્નવાળી સમગ્ર જમીન એટલે કે ૪૩ એકર ૧૨ ગુંઠા જમીન સરકારની માલિકીની છે અને કોઈએ પણ તેના સંબંધમાં કોઈપણ વ્યવહાર કરવો નહીં. તેમ છતાં તારીખ ૩૦.૬.૧૯૯૯ ના રોજ, ટેક્સટાઈલ વિભાગ દ્વારા મિલની મિલકતના વેચાણ માટે એક નોંધ તૈયાર કરવામાં આવી હતી જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે તેને ૫ ઓફરો મળી છે. આ નોંધમાં, ખાસ જણાવવામાં આવ્યું હતું કે જમીનનું કોઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી અને આ બાબત કેબિનેટ સમક્ષ મૂકવામાં આવે. તારીખ ૬.૭.૧૯૯૯ ના રોજ, મહેસૂલ વિભાગે કલેક્ટર દ્વારા જાહેર નોટિસ આપીને ૫ એકર જમીનના વેચાણ માટે પોતાની મંજૂરી આપી હતી. '(એ)' ચિહ્નિત આ નોંધ મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી અને મુખ્યમંત્રીના નાયબ સચિવની નોંધમાં જણાવાયું હતું કે "નાણા વિભાગને બતાવો". નાણા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ તારીખ

૨૮.૯.૧૯૯૯ ની નોંધમાં, જેને આ બાબત મોકલવામાં આવી હતી, તેમાં જણાવાયું હતું કે ૫ એકર જમીન અને મકાનોના વેચાણ સામે કોઈ વાંધો નથી.

૨૯મી ડિસેમ્બર ૧૯૯૯ ના રોજ ટેક્સટાઈલ મંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં મિલની સમગ્ર જમીન વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આ બાબત મહેસૂલ વિભાગને પરત મોકલવામાં આવી હતી, જેણે આ બાબત પર નવેસરથી વિચારણા કરી હતી. તારીખ ૧૭.૧.૨૦૦૦ ની પોતાની નોંધમાં, તેણે ટેક્સટાઈલ વિભાગ સાથે અસંમતિ દર્શાવી હતી અને પુનરોચ્ચાર કર્યો હતો કે આ જમીન મિલની નથી પરંતુ સરકારની છે. તે નીચેની શરતોને આધીન સમગ્ર જમીનના વેચાણ માટે સંમત થયો હતો કે – (એ) ૪૩ એકર ૧૨ ગુંઠા જમીનની અપસેટ કિંમત નક્કી કરવામાં આવે, (બી) જાહેર હરાજી માટે નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવે, (સી) સમગ્ર રકમ મહેસૂલ વિભાગ પાસે જમા કરાવવામાં આવે અને (ડી) જેમણે અગાઉ પોતાની ઓફર આપી હતી તેઓને હરાજીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવે. પ્રિન્સિપાલ સેક્રેટરી (મહેસૂલ) સાથે ચર્ચા કર્યા પછી, મહેસૂલ વિભાગે ઉપરોક્ત શરતોમાં સુધારો કર્યો અને જણાવ્યું કે – (એ) ૪૩ એકર ૧૨ ગુંઠા જમીનની અપસેટ કિંમત નક્કી કરવામાં આવે, (બી) ત્યારપછી જમીન જાહેર હરાજી દ્વારા વેચવામાં આવે અને (સી) અપસેટ કિંમત અને હરાજીમાંથી મળેલ રકમ વચ્ચેનો તફાવત મિલના ખાતામાં જશે. આ દરખાસ્ત મહેસૂલ મંત્રી દ્વારા તારીખ ૧૯.૨.૨૦૦૦ ના રોજ પોતાની સહી કરીને

સ્વીકારવામાં આવી હતી. તારીખ ૨૩.૨.૨૦૦૦ ની પોતાની આગળની નોંધમાં, મહેસૂલ વિભાગે મહેસૂલ મંત્રી દ્વારા મંજૂર કરાયેલી સુધારેલી દરખાસ્તનો પ્રથમ ભાગ નીચે મુજબ દર્શાવ્યો હતો :

